# 15. सुदुर्लभा सर्वमनोरमा वाणी

[વીસમી શતાબ્દીના પ્રારંભમાં, પાશ્ચાત્ય ભાષાઓના પ્રભાવ હેઠળ ભારતીય પ્રાદેશિક ભાષાઓના અભ્યાસમાં નિબંધકળાનો પ્રવેશ થયો અને થોડાક સમયમાં જ તેનો વ્યાપક પ્રસાર થયો. એ સમયે સંસ્કૃતના વિદ્વાનોએ પરંપરાગત વિષયોની સાથે આધુનિક વિષયો ઉપર અનેક નિબંધો લખ્યા. સમય જતાં આ પ્રકારના નિબંધો સંસ્કૃતભાષાશિક્ષણમાં પણ સ્થાન પામ્યા.

સંસ્કૃતના નિબંધ-લેખકોમાં પં. ચારુદત્ત શાસ્ત્રીનું નામ જાણીતું છે. તેમણે प्रस्तावतरङ्गिणी નામે સંસ્કૃત ભાષામાં એક સુંદર સુલલિત નિબંધગ્રંથ તૈયાર કર્યો છે. અહીં તેમણે सुदुर्लभा सर्वमनोरमा वाणी શીર્ષકથી જે વિવેચનાત્મક નિબંધ મૂક્યો છે, તેને સંપાદિત કરીને અહીં મૂકવામાં આવ્યો છે.

આ નિબંધમાં એ તથ્ય રજૂ થયું છે કે જગતમાં વિવિધ પ્રકારના લોકો છે. બધાનાં રસ અને રુચિ એકસરખાં હોતાં નથી. પરિણામે સહુ કોઈનું મન હરી લે, એવી વાણી દુર્લભ છે. વળી, કોઈ પણ કાવ્ય કે કોઈ કૃતિ બધાને ગમશે જ, એ આવશ્યક નથી. વાણીની બાબતમાં પણ એવું જ છે. માટે બધાને સાંભળવી ગમે અને સાંભળીને કોઈની લાગણી ન દુભાય એવાં વચન બોલવાં જોઈએ. જો કે એવી વાણી બોલનારા દુર્લભ હોય છે.]

लोके यद्वस्तु एकस्मै रोचते, तदन्यस्मै न रोचते इत्यत: विचित्ररुचिरयं संसार: । एकस्मिन् परिवारे जातानां समानाचारविचाराणां जनानामपि भिन्ना भिन्ना रुचिर्भवति, किम्पुन: विभिन्नेषु परिवारेषु उत्पन्नानां जनानां वार्ता ? समानपितृकेषु पुत्रेषु कश्चित् मधुरं रोचयते, कश्चित् लवणं कश्चित् चाम्लं रसमिति । एवं हि कश्चित् काव्यं रसयति, कश्चित् नाट्यं, कश्चित् शिल्पं, कश्चित् च गणितम् । एवमेव कस्मैचित् शृंगार: प्रियो भवति, कस्मैचित् वीर:, कस्मैचित् करुण:, कस्मैचित् च हास्यरस: । विरलाय कस्मैचित् जनाय बीभत्सरसोऽपि रोचते इति नानात्वं रुचीनां व्यवस्थितं भवति ।

एवं सति, एका एव वाणी सर्वस्य मानसं संतोषयितुं नार्हति । य: खलु आर्षेण संस्कारेण संस्कृतो भवति, तस्मै मृद्वी ऋज्वी च वाणी रोचते, न तु कर्कशा कुटिला वा । अत: एतै: सह वार्तावसरे एतादृशी वाणी एव उचिता भवति । परंतु य: जड: दुर्व्यसनरत: अलस: च सेवक: भवति, तस्मै तस्याधिप: प्राय: कर्कशां वाणीं वदति, कार्ये च संयोजयति, स्वकीयं प्रयोजनं च संपादयति ।

य: खलु ईर्ष्याग्रस्तो भवति तस्मै परस्य दुर्गुणानुवाद: रोचते स्वस्य च गुणानुवाद: । य: खलु सज्जनो भवति तस्मै परापवाद: कथमपि न रोचते । केचन असूयका: भवन्ति ते हितमपि अनुशासनम् न सहन्ते । तथैव सर्वाङ्गं सुन्दरं सरसं सुभाषितमपि न संतोषयति अल्पज्ञान् ।

यदि सर्वस्य मनोरमा वाणी न शक्यते वक्तुम्, तदा सभामध्ये संगत्य, समितौ समुपस्थाय किं तूष्णीं स्थेयम् किं वा मिथ्या आख्येयम् इति प्रश्न: । अत्रोत्तरं ददाति महाराज: मनु: –

**सभा वा न प्रवेष्टव्या वक्तव्यं वा समञ्जसम् ।**
**अब्रुवन् विब्रुवन् वापि नरो भवति किल्विषी ।।** इति ॥

एवं व्यवहारेऽपि प्रवृत्ता वाणी सर्वान् समानरूपेण न संतोषयति । वस्तुत: सुदुर्लभा सर्वमनोरमा वाणी । सर्वेऽपि जना: विचक्षणा: न भवन्ति । केचित् मन्दा: इति वा, केचित् अज्ञा: इति वा स्नेहपूर्णां

वाणीमपि भावयितुं न पारयन्ति । एतादृशान् जनान् दृष्ट्वा किं व्यवहारे वाणीप्रयोगः परित्यक्तव्यः ? न हि न हि । मृगाः सन्तीति यवाः नोप्यन्ते ? उप्यन्ते एव । भिक्षुकाः सन्तीति स्थाल्यो नाधिश्रियन्ते ? अधिश्रियन्ते एव । अतः स्वकीयेन सुरुचिपूर्णेन व्यवहारेण जनान् आनन्दयितुं संस्कृता वाणी एव सततं प्रयोक्तव्या ।

## ટિપ્પણી

**નામ (પુંલ્લિંગ) : शृंगारः** શૃંગાર, કાવ્યના નવ રસોમાંથી આ નામનો એક રસ, (એવી જ રીતે **वीरः** વીર **करुणः** કરુણ **हास्यः** હાસ્ય **बीभत्सः** બીભત્સ પણ કાવ્યના રસ છે.) **सेवकः** નોકર, કર્મચારી **अधिपः** માલિક, સ્વામી **परापवादः** પારકાને બીજા વિશેનું ખરાબ કથન **असूयकः** ઈર્ષ્યા કરનાર, ગુણોમાં પણ દોષ જોનાર **अल्पज्ञः** ઓછું જાણનાર **विचक्षणः** હોંશિયાર **मन्दः** મંદબુદ્ધિનો **अज्ञः** અજ્ઞાની **यवः** જવ

**(સ્ત્રીલિંગ) : समितिः** સભા **स्थाली** રાંધવાનું વાસણ, હાંડલી, તપેલી **संस्कृता** સંસ્કૃત, સંસ્કારેલી, શિષ્ટ-વિદ્વાનોમાં માન્ય થયેલી.

**(નપુંસકલિંગ) : शिल्पम्** કળા-કારીગરી, હુન્નર **प्रयोजनम्** હેતુ, લક્ષ્ય **अनुशासनम्** શિખામણ, ઉપદેશ **सुभाषितम्** સારો બોલ, સુંદર વચન.

**સર્વનામ : एकस्मै** એકને માટે **अन्यस्मै** બીજાને માટે **कश्चित्** કોઈક **कस्मैचित्** કોઈકને માટે **एतैः** આ બધાથી (પું.-નપું.) **तस्मै** તેના માટે **परस्य** પારકાનું, બીજાનું **स्वस्य** પોતાનું **केचन** કેટલાક **सर्वस्य** બધાનું **केचित्** કેટલાક

**વિશેષણ : विचित्ररुचिः** વિચિત્ર રુચિવાળો **समानपितृकः** સમાન છે પિતા જેના તેવો **भिन्ना** જુદી **एका** એક **आर्षः** ઋષિઓને લગતું, ઋષિઓએ ઉપદેશેલ, ઋષિઓએ સ્વીકારેલ **जडः** મૂર્ખ **दुर्व्यसनरतः** દુર્વ્યસનમાં તલ્લીન, ખરાબ ટેવમાં રચ્યોપચ્યો **अलसः** આળસુ **मृदु** કોમળ, નરમ **ऋज्वी** સરળ, સીધી **कर्कशा** કઠોર, નિર્દય **कुटिला** કપટવાળી, વાંકી **मनोरमा** મનને ગમે તેવી, આકર્ષક, સુંદર **समञ्जसम्** યોગ્ય, ઉચિત **सुदुर्लभा** ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત થનારી, વિરલ. (આ બધાં વિશેષણોનો અહીં સ્ત્રીલિંગમાં પ્રયોગ થયો છે.)

**સમાસ :** वार्तावसरे (वार्तायाः अवसरः वार्तावसरः, तस्मिन् । षष्ठी तत्पुरुष) । दुर्व्यसनरतः (दुर्व्यसनेषु रतः दुर्व्यसनरतः । सप्तमी तत्पुरुष) । ईर्ष्याग्रस्तः (ईर्ष्यया ग्रस्तः ईर्ष्याग्रस्तः । तृतीया तत्पुरुष) । दुर्गुणानुवादः (दुर्गुणानाम् अनुवादः दुर्गुणानुवादः । षष्ठी तत्पुरुष) । सभामध्ये (सभायाः मध्यः सभामध्यः, तस्मिन् । षष्ठी तत्पुरुष) । सर्वमनोरमा (सर्वेभ्यः मनोरमा सर्वमनोरमा । चतुर्थी तत्पुरुष) । स्नेहपूर्णाम् (स्नेहेन पूर्णा स्नेहपूर्णा, ताम् । तृतीया तत्पुरुष) । वाणीप्रयोगः (वाण्याः प्रयोगः वाणीप्रयोगः । षष्ठी तत्पुरुष) ।

**કૃદન્ત પદ :** संतोषयितुम् (सम् + तुष् – तोषि (प्रेरक क्रिया) + तुम्) वक्तुम् (वच् + तुम्) संगत्य (सम् + गम् + त्वा > य) समुपस्थाय (सम् + उप + स्था + त्वा > य) भावयितुम् (भू – भावि (प्रेरक क्रिया) + तुम्) दृष्ट्वा (दृश् + त्वा) आनन्दयितुम् (आ + नन्द् – नन्दि (प्रेरक क्रिया) + तुम्) ।

**ક્રિયાપદ : પ્રથમ ગણ :** (આત્મનેપદ) **रुच् (रोचते)** ગમવું, પસંદ પડવું **सह् (सहते)** સહવું, સહન કરવું

**દશમ ગણ :** (પરસ્મૈપદ) **रस् (रसयति)** રસ લેવો, ચાખવું **सम् + युज् (संयोजयति)** સારી રીતે જોડવું

## વિશેષ

**(1) શબ્દાર્થ :** **लोके** લોકમાં, સંસારમાં **विचित्ररुचिः** વિચિત્ર રુચિવાળો, જાત-જાતની અને ભાત-ભાતની પસંદગી ધરાવતો **समानाचारविचाराणाम्** એક સરખા આચાર અને વિચારવાળાઓના **रोचते** ગમાડે છે. **नानात्वम्** અનેકપણું, જુદાપણું **व्यवस्थितम्** નક્કી થાય છે. સ્થિર બને છે. **एवं सति** આમ છે ત્યારે **तस्याधिपः** તેનો માલિક **संपादयति** હાંસલ કરે છે. મેળવી લે છે. **हितमपि** હિત-કલ્યાણ કરનારને પણ **स्थेयम्** ઊભા રહેવું જોઈએ. સ્થિર રહેવું જોઈએ. **आख्येयम्** કહેવું જોઈએ. **वक्तव्यम्** બોલવું જોઈએ. **अब्रुवन्** ન બોલનારો **विब्रुवन्** વિરુદ્ધ-ખોટું બોલનારો **किल्विषी** પાપી **भावयितुम्** અનુભવવાને માટે **न पारयन्ति** સમર્થ બની શકતા નથી. **नोप्यन्ते** શું વાવવામાં આવતા નથી ? **स्थाल्यः** તપેલીઓ **न अधिश्रियन्ते** શું (ચૂલા ઉપર) ચઢાવવામાં આવતી નથી ? **आनन्दयितुम्** આનંદ આપવા માટે **प्रयोक्तव्या** વાપરવી જોઈએ. પ્રયોજવી જોઈએ.

**(2) સંધિ :** यद्वस्तु (यत् वस्तु) । रुचिर्भवति (रुचिः भवति) । बीभत्सरसोऽपि (बीभत्सरसः अपि) । तस्याधिपः (तस्य अधिपः) । सज्जनो भवति (सज्जनः भवति) । वापि (वा अपि) । व्यवहारेऽपि (व्यवहारे अपि) । सन्तीति (सन्ति इति) । नोप्यन्ते (न उप्यन्ते) । स्थाल्यो नाधिश्रियन्ते (स्थाल्यः न अधिश्रियन्ते) ।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) कस्मैचित् विरलाय जनाय कः रसः रोचते ? ◯

(क) हास्यरसः (ख) करुणरसः (ग) बीभत्सरसः (घ) शृंगाररसः

(2) आर्षेण संस्कारेण संस्कृताय जनाय कीदृशी वाणी रोचते ? ◯

(क) कर्कशा (ख) ऋज्वी (ग) कुटिला (घ) स्पष्टा

(3) परस्य दुर्गुणानुवादः कस्मै रोचते ? ◯

(क) ईर्ष्याग्रस्ताय (ख) दयाग्रस्ताय (ग) मानग्रस्ताय (घ) अपमानग्रस्ताय

(4) स्नेहपूर्णामपि वाणीं के भावयितुं न पारयन्ति ? ◯

(क) मन्दाः (ख) पण्डिताः (ग) साधवः (घ) नीतिज्ञाः

**2. एकवाक्येन संस्कृतभाषया उत्तरं लिखत ।**

(1) कर्कशां वाणीं कः कस्मै वदति ?

(2) ईर्ष्याग्रस्ताय स्वस्य किं रोचते ?

(3) के हितमपि अनुशासनं न सहन्ते ?

(4) सभायां कीदृशं वक्तव्यम् ?

(5) जनान् आनन्दयितुं कीदृशी वाणी प्रयोक्तव्या ?

**3. अधोलिखितानि क्रियापदानि ह्यस्तनभूतकालस्य (लङ्लकारस्य) रूपत्वेन परिवर्तयत ।**

(1) रोचते ....................

(2) अर्हति ....................

(3) सहन्ते ....................

(4) पारयन्ति ....................

**4. निम्नलिखितानां पदानां समासप्रकारं लिखत ।**

(1) हास्यरसः ....................
(2) दुर्व्यसनरतः ....................
(3) सुरुचिपूर्णः ....................
(4) गुणानुवादः ....................
(5) सर्वमनोरमा ....................

**5. शब्दरूपैः रिक्तस्थानानि पूरयत ।**

| | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
|---|---|---|---|
| (1) | .................... | .................... | स्थाल्यः |
| (2) | मृगः | .................... | .................... |
| (3) | कर्कशाम् | .................... | .................... |
| (4) | परिवारे | .................... | .................... |

**6. वचनानुसारं धातुरूपैः रिक्तस्थानानि पूरयत ।**

| | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
|---|---|---|---|
| (1) | .................... | .................... | रोचन्ते |
| (2) | रसयति | .................... | .................... |
| (3) | .................... | भवतः | .................... |
| (4) | .................... | .................... | पारयन्ति |
| (5) | रोचते | .................... | .................... |

**7. प्रदत्तान् शब्दान् प्रयुज्य वाक्यानि रचयत ।**

(1) જે વસ્તુ એકને ગમે છે.
(यत् वस्तु एक रुच्)
(2) માણસોની જુદી-જુદી રુચિ હોય છે.
(जन भिन्ना भिन्ना रुचि भू)
(3) સુભાષિત પણ સંતોષ આપી શકતું નથી.
(सुभाषित अपि न संतोषय)
(4) કેટલાક લોકો ઈર્ષ્યાળુ હોય છે.
(केचन जन असूयक भू)
(5) માણસો વિચક્ષણ હોતા નથી.
(जन विचक्षण न भू)

**8. मातृभाषया उत्तराणि लिखत ।**

(1) આ સંસાર ભિન્નરુચિવાળો છે, કેવી રીતે ?
(2) મૃદુ અને ઋજુ વાણી કોને ગમે છે ?
(3) ઈર્ષ્યાગ્રસ્ત માણસને કોનું શું ગમે છે ?
(4) સભામાં જઈને કેવું બોલવું જોઈએ ?
(5) સ્નેહપૂર્ણ વાણીને પણ કોણ અનુભવી શકતું નથી ?

**પ્રવૃત્તિઓ**

- તમે સાંભળેલા વાર્તાલાપમાંથી તમને પસંદ પડેલા વાર્તાલાપનાં કારણો જણાવો.
- વાણીનું મહત્ત્વ દર્શાવતા શ્લોકો એકત્ર કરો.